## સંપૂર્ણ જીવન, વડોદરા.

તથા

## મુનિ સેવા આશ્રમ, ગોરજ

આયોજિત

# વાનપ્રસ્થ ચિંતન શિબિર

નિષ્ણાત, અનુભવી તથા સક્ષમ ગૃહસ્થોને ગૌરવપૂર્ણ અને પ્રતિભાશાળી જીવન જીવવા બીજી કારકિર્દી માટે ઉપયોગી.

**દિનાંક : ૨૪-૧૨-૨૦૨૨, શનિવાર**

**સમય : સવારે ૯.૩૦ થી સાંજે ૫.૩૦**

**સ્થળ : મુનિ સેવા આશ્રમ, ગોરજ**

**તા. : વાઘોડિયા, જિ. વડોદરા.**

**૪૫ થી ૬૦ વર્ષની વયના ગૃહસ્થો અને વરિષ્ઠ નાગરિકો તથા સેવાભાવી સંસ્થાઓના સંચાલકો માટે ઉપયોગી મંચ.**

**ઉદ્દેશ્ય :** મનુષ્ય જેવું ગૌરવપૂર્ણ જીવન જીવ્યા.
હવે દૈવી જીવન જીવતાં જીવતાં
પ્રભુને ગમતાં થઈએ એટલે કૃતકૃત્ય.

સંપૂર્ણ જીવન, વડોદરા છેલ્લા બે દાયકાથી આધ્યાત્મિક શિક્ષણ માટેનું માળખું બનાવવામાં સક્રિય છે. છેલ્લાં છ વર્ષોથી ચાલતા સ્નાતક કક્ષાના વર્ગમાં જ્ઞાનપ્રાપ્ત ગૃહસ્થો/વરિષ્ઠ નાગરિકોને જીવનની મહત્ત્વની બીજી કારકિર્દીમાં સહાયભૂત થવા માટે આ એક દિવસીય ચિંતન શિબિર ઉપયોગી થશે તેવી અપેક્ષા છે.

આ શિબિરમાં રાજ્યની પ્રમુખ સેવાભાવી સંસ્થાઓના સંચાલકો પણ ભાગ લેશે.

વર્તમાનમાં પ્રવૃત્ત ગૃહસ્થો આંશિક સમય માટે સેવાઓ આપવા અનુકૂળ સંસ્થાઓ પસંદ કરી શકે તથા વરિષ્ઠ નાગરિકો, જેમની આર્થિક આવશ્યકતા પૂર્ણ થઈ છે તેવા નિષ્કામ કર્મ દ્વારા નિજાનંદ માટે અનુકૂળ સંસ્થા સાથે સંવાદ સાધીને પૂર્ણ સમય માટે જોડાઇ શકે.

## વરિષ્ઠ નાગરિક અને વાનપ્રસ્થ

**સામ્ય :**

'વરિષ્ઠ નાગરિક' અને 'વાનપ્રસ્થ' બન્ને વય, બુદ્ધિ, ભૌતિકજ્ઞાન, અનુભવ તથા આવડતમાં લગભગ સમાન હોય છે. તે બન્નેમાં મુખ્ય અંતર નીચે મુજબ હોય છે :

| વરિષ્ઠ નાગરિક | વાનપ્રસ્થ |
|---|---|
| ભૌતિક વિદ્યાઓના જાણકાર | ભૌતિક વિદ્યાઓ ઉપરાંત અધ્યાત્મનો સ્પર્શ પ્રાપ્ત |
| સંકુચિત, સ્વકેન્દ્રી | વ્યાપક, પરોપકારી |
| પરિવારમાં સીમિત | જાહેર વ્યવસ્થામાં પ્રવૃત્ત |
| મનોરંજન માટે લાલાચિત | પરહિતાય કર્મમાં આનંદ મળે |
| આળસુ, પ્રમાદી | નિષ્કામ કર્મમાં પ્રવૃત્ત |
| સ્પષ્ટ દૃષ્ટિનો અભાવ | સ્પષ્ટદષ્ટા |
| ધ્યેયહીન | ધ્યેયનિષ્ઠ |
| પરિવાર / સમાજમાં ઉપેક્ષિત | સર્વસ્વીકૃત |
| બુદ્ધિચાતુર્ય | ડહાપણ |
| તમસ્, રજસ્ ગુણનો પ્રભાવ | સત્ત્વગુણનો પ્રભાવ |

**સંપૂર્ણ જીવન, વડોદરા**
36, અજિતનાથ સોસાયટી, પાણીની ટાંકી પાસે,
હાથીખાના માર્ગ, કારેલીબાગ, વડોદરા–390 018.
ફોન : 94260 75364 / 94093 06178 / 99138 00133
E-mail : sampoornajeevanvadodara@gmail.com
Website : www.sjvadodara.co.in

# વરિષ્ઠ નાગરિકનું વાનપ્રસ્થમાં રૂપાંતરણ

આધ્યાત્મિક શિક્ષણ પ્રાપ્ત કરીને

પરમાત્માનાં બન્ને, વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપને સ્પષ્ટ સમજીને

નિષ્કામ અને કર્મઠ બનીને

વ્યાપારિક પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇને

જાહેર જીવનમાં સક્રિયતા દાખવીએ.

પરમાત્માનું કામ કરતી સંસ્થામાં જોડાઇને

ત્યાં પોતાની ભૂમિકા સ્પષ્ટ કરીને

તે ભૂમિકાને પૂર્ણ રીતે નિભાવીને

અહંકાર શૂન્યતા તરફ આગળ વધીને

પ્રભુકાર્ય કરતા સંઘમાં ભળી જઇએ.

સમૃદ્ધિ, સત્તા અને પ્રતિષ્ઠાના મોહમાં આવ્યા વિના, પ્રભુકાર્ય કરતાં રહીને, સદા પ્રસન્ન રહીએ અને પ્રસન્નતા વહેંચતાં વહેંચતાં પ્રભુને ગમતાં થઇએ.

**આવો વાનપ્રસ્થ બનીએ....**